# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com


**અખબારી યાદી** **તા. ૧૩-૦૬-૨૦૨૪**

ગુજરાતનાં લાખો લોકોને જનઆશીર્વાદ મેળવી ભવ્ય વિજય મેળવનાર સાંસદશ્રી ગેનીબેન ઠાકોરના રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત સન્માન સમારોહમાં ગુજરાત કોંગ્રેસનાં સંગઠન પ્રભારીશ્રી અને વરિષ્ઠ સાંસદશ્રી મુકુલ વાસનિકએ જણાવ્યું હતું કે શ્રી ગેનીબેનની જીતના કારણે કોંગ્રેસ કાર્યકરોમાં ઉમ્મીદ સાથે જોશ-ઉત્સાહમાં વધારો થયો છે. બનાસકાંઠાથી ગેનીબેન ઠાકોર ચૂંટણી જીતે એનો મતલબ પથ્થર પર ફૂલ ખીલવા સમાન આ જીત છે. કોંગ્રેસ પક્ષને આશા હતી કે અમે વધારે બેઠકો જીતીશું, પરંતુ માત્ર એક જ બેઠક મળી. છતાં કોંગ્રેસ દિલ્હીની સંસદમાં ગુજરાતનો અવાજ મજબૂતાઈથી રજુ કરીશું. ૨૫ બેઠકો હારવા પાછળ કયા કારણો હતા કે જેના કારણે માત્ર એક જ બેઠક આવી એનું ચિંતન કોંગ્રેસ પક્ષ કરશે. જ્યાં અપેક્ષા મુજબના પરિણામો ના મળ્યા એ અંગે કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી મલ્લિકાર્જુન ખડગે સ્થાનિક નેતાઓ સાથે બેઠક કરશે. આગામી યોજાનાર ખેડા-બનાસકાંઠા જિલ્લા પંચાયત સહિત સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીની અત્યારથી તૈયારીઓમાં લાગી જવામાં આવશે. ગુજરાત કોંગ્રેસ પોલિટિકલ એડવાઈઝરી બેઠક બોલાવી વરિષ્ઠ નેતાશ્રીઓ જવાબદારી આપવામાં આવશે. લોકસભા કરતા સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીની તૈયારી કરાશે. જ્યાં વિવાદ હોય ત્યાં વરિષ્ઠ નેતાઓને જવાબદારી સોંપવામાં આવશે. છેલ્લા ૧૦ વર્ષથી લોકસભામાં માત્ર એક જ વિચારધારા પહોચતી હતી. શ્રી ગેનીબેન ઠાકોર થકી અસલી સરદાર-ગાંધીની વિચારધારા પહોચશે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત સન્માન સમારોહમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અને રાજ્યસભા સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલએ નવનિર્વાચિત સાંસદશ્રી ગેનીબેનને અભિનંદન આપતા જણાવ્યું કે ગુજરાતનાં તમામ વર્ગ, જ્ઞાતિ-જાતિના લોકોએ કોંગ્રેસ પક્ષને અને શ્રી ગેનીબેનને જનસમર્થન-જનઆશીર્વાદ આપ્યા છે. આજનો સન્માન સમારોહ ત્રિવેણી સંગમ જેવો છે. શ્રી ગેનીબેનનાં સન્માનની સાથેસાથે લોકસભા ચૂંટણીમાં જેમણે તન-મન-ધનથી કાર્ય કરનાર કોંગ્રેસ પક્ષનાં કાર્યકરો, જિલ્લા પ્રમુખશ્રીઓ અને લોકસભાનાં કોંગ્રેસ પક્ષનાં ઉમેદવારશ્રીઓનાં પણ સન્માન કરવામાં આવ્યું છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનું સંગઠન માળખામાં મારો એ સારો નહીં, કામ કરે એજ સારો એવું ચાલશે.જેને માળખામાં રહેવું હોય એ પોતાનો બાયોડેટા આપે અને બાયોડેટા આવ્યા હશે એમને ત્રણ મહિના સુધી જિલ્લા પંચાયત બેઠક સુધી જમીની કામ આપવામાં આવશે. મારી નજીક હશે તો પણ હોદ્દેદાર બનાવવામાં નહીં આવે. જમીનીસ્તર પર કામ કરશે એને જ સંગઠનમાં સ્થાન મળશે. કોંગ્રેસ પક્ષમાં કોઈ જૂથ નથી, અમે તમામ નેતાઓ પાંચ પાંડવોની જેમ બેઠા છે.

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડાએ સંબોધન કરતા જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રિય નેતા, જનનાયકશ્રી રાહુલ ગાંધીજીએ ૪૦૦૦ કિ.મી. થી વધુની ઐતહાસિક 'ભારત જોડો પદયાત્રા' કરી ત્યારબાદ ૬૭૦૦ કિ.મી. ની ભારત જોડો ન્યાય યાત્રા દ્વારા દેશના લાખો નાગરિકો મળીને તેમની વ્યથા-વેદના અને સમસ્યાઓ સાંભળી જે કોંગ્રેસ પક્ષના ન્યાય સંકલ્પમાં જોવા મળી હતી. ટકી ન શકે તેવા તદ્દન ક્ષુલ્લક મુદ્દાને આધારે કોંગ્રેસ પક્ષના એકાઉન્ટ ફ્રીજ કરવામાં આવ્યાં. તેમ છતાં વિપરીત પરિસ્થિતિમાં કોંગ્રેસ પક્ષના ઉમેદવારો સમગ્ર દેશમાં અને ગુજરાતમાં મજબૂતીથી લડાઈ આપી કોંગ્રેસ પક્ષે ખૂબ સારી ટક્કર આપી તથા ગુજરાત અને દેશની જનતાએ કોંગ્રેસ પક્ષ અને ઈન્ડિયા ગઠબંધનને ખૂબ જ સરસ જનસમર્થન આપેલ છે. ૧૦ વર્ષ બાદ આપણા મતોની ટકાવારી દેશ તથા ગુજરાતમાં ખૂબ જ વધી છે. અનેક મુશ્કેલીઓ વચ્ચે લડાયેલ આ ચૂંટણીમાં ગુજરાતમાં ભાજપના અહંકારને જનતાએ હરાવ્યો છે

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત સન્માન સમારોહમાં બનાસકાંઠાના સાંસદશ્રી ગેનીબેન ઠાકોરએ જણાવ્યું હતું કે આજના ત્રિવેણી સંગમ કાર્યક્રમમાં સર્વેનો આભાર વ્યક્ત કરું છું.બનાસકાંઠાની જનતાએ ભાજપની હેટ્રીક રોકીને એક ભગીરથ કાર્ય કર્યું. કોંગ્રેસના દરેક કાર્યકરે તન-મન-ધનથી કામ કર્યું તેના માટે ખૂબ ખૂબ અભિનંદન સાથે આભાર પ્રગટ કરું છું. બનાસકાંઠાની જનતા જાણે છે કે જ્યારે જ્યારે લોકશાહીનું હનન થાય છે. ત્યારે લોકશાહી બચાવવા મત આપે છે. 'બનાસની બેન' તરીકે નાગરિકોએ સૂત્ર આપ્યું અને મતથી મારુ મામેરું ભર્યું. સામ પક્ષે એક વ્યક્તિ લોકોના પરસેવાના પૈસા પાર્ટી માટે વાપરે ત્યારે આવા લોકોને કુદરત પણ માફ કરતું નથી કોંગ્રેસના કાર્યકરોએ સંદેશો છે કે આ તમારા આશીર્વાદ છે ત્યારે સેવાકીય કાર્ય જે કોંગ્રેસે કર્યા છે

તે ડબલ તાકાતથી કરીશ.જો ક્યાંય અન્યાય થતો હોય ત્યાં મે કાર્યકર ને ન્યાય આપવા પ્રયાસ કર્યો છે. આગામી દિવસોમાં બનાસકાંઠાની સાથે સમગ્ર ગુજરાતનાં પ્રાણ પ્રશ્નોને વાચા આપવા પ્રયત્નશીલ રહીશ.

હું માત્ર ૧૮ વર્ષની ઉંમરે ૧૯૯૫ માં ચૂંટણી લડી હતી, પંચાયતથી પાર્લામેન્ટ સુધીની ૯ ચૂંટણીઓ હું લડી છું. હું આજે જે કંઈપણ છું એ કોંગ્રેસ પાર્ટીને આધીન છું. મેં લોકસભા માટે પ્રથમવાર મત માંગ્યા તો લોકોએ મત અને રૂપિયા બંને આપ્યા. શ્રી પ્રિયંકા ગાંધીજીની સભાના કારણે બનાસકાઠામાં કોંગ્રેસ માટે સારું વાતાવરણ બન્યું. બનાસકાંઠાના કોંગ્રેસ કાર્યકરોએ ખંતથી કામ કર્યું.કોંગ્રેસ પાર્ટીનું ઋણ હું ક્યારેય નહીં ચૂકવી શકું. આજે હું રાજીનામું આપવા ગઈ ત્યારે આનંદ થયો. મારું રાજીનામું વ્યક્તિગત સ્વાર્થ કે વિશ્વાસઘાત માટે નહોતું. ભાજપ નેતાઓ ટોણો મારતા હતા કે ઈકો માં આવી જાય એટલા જ કોંગ્રેસના સભ્યો રહી જશે. જો કે ભાજપનું અભિમાન આ વખતે તૂટ્યું છે. અયોધ્યા અને એની આજુબાજુની કોઇ બેઠક ભાજપ ના જીતી શક્યું. ભગવાન શ્રી રામ ના નામે રાજકારણ થાય એને ક્યારેય સફળતા નથી મળતી.

લોકસભાની ચૂંટણીઓમાં આપણા ગુજરાતમાંથી બનાસકાંઠા લોકસભા ક્ષેત્રથી શ્રીમતી ગેનીબેન ઠાકોર જીત મેળવી છે. આપણા ઉમેદવારશ્રીઓના અભિવાદન તથા અનેક મુશ્કેલીઓની વચ્ચે ખૂબ જ નિષ્ઠા અને પ્રામાણિકતાથી કોંગ્રેસના કાર્યકર્તાઓએ તાજેતરની ચૂંટણીમાં કરેલ અથાગ પ્રયત્નોની સરાહના કરવાની સાથે અભિનંદન પાઠવવામાં આવે છે. આપતો ઠરાવ પૂર્વ રાજ્ય સભા સાંસદશ્રી ડૉ. અમીબેન યાજ્ઞિકે રજુ કર્યો હતો. આ ઠરાવને ટેકો મહિલા કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષશ્રી ગીતાબેન પટેલે આપ્યો હતો.

લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષને રોકવા માટે ભાજપા દ્વારા વિવિધ એજન્સીના માધ્યમથી રોકવાના અનેક પ્રયત્નો કરવામાં આવ્યા. મની, મસલ્સ પાવર અને મશીનરીનો દૂરઉપયોગ ભાજપે સમગ્ર ચૂંટણીમાં કર્યાની અનેક ફરિયાદો મળી છે. ભાજપ પ્રતિશોધની રાજનીતિ કરી રહી છે. તેમ છતાં ભાજપાને ગુજરાત અને દેશની જનતાએ મૂંહતોડ જવાબ આપ્યો છે અને ભાજપાના અહંકારની હાર થઈ છે. લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ અને ઈન્ડીયા ગઠબંધનને દેશની જનતા અને ગુજરાતની જનતાએ આપેલા જનસમર્થન-જનઆર્શિવાદ માટે આજની બેઠક જનતાનો દિલથી આભાર વ્યક્ત કરતો ઠરાવ કોંગ્રેસ પક્ષના કાર્યકારી અધ્યક્ષ ડૉ. ઈન્દ્રવિજયસિંહ ગોહિલે રજુ કર્યો હતો જેને એન.એસ.યુ.આઈ.ના પ્રમુખશ્રી નરેન્દ્ર સોલંકીએ ટેકો આપ્યો હતો.

પૂ. મહાત્મા ગાંધી અને સરદાર સાહેબની પુણ્યભૂમિ પર લોકસભાની ચૂંટણી લડી રહેલા ઉમેદવારો માટે કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રિય અધ્યક્ષશ્રી મલ્લિકાર્જુન ખડગેજી, કોંગ્રેસ સંસદીયદળના નેતાશ્રી સોનિયા ગાંધીજી, કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રિય નેતા જનનાયક શ્રી રાહુલ ગાંધીજી અને કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રિય મહામંત્રી શ્રીમતિ પ્રિયંકા ગાંધીજીએ, અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના વરિષ્ઠ મહામંત્રી ગુજરાત સંગઠન પ્રભારીશ્રી-સાંસદશ્રી મુકુલ વાસનીકજી સતત માર્ગદર્શન અને પ્રચાર પ્રસાર કરી પડકારજનક સમયમાં તમામ કોંગ્રેસજનોનું મનોબળ વધાર્યું. તે બદલ આજની આ બેઠક વિશેષ ધન્યવાદ-આભાર વ્યક્ત કરે છે. સાથોસાથ, સતત સંગઠનમાં માર્ગદર્શન આપ્યુ. એ.આઈ.સી.સી.ના મંત્રીશ્રી સતત પ્રવાસ કરીને કરેલી કામગીરી બદલ ગુજરાત કોંગ્રેસ આભાર વ્યક્ત કરતો ઠરાવ પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ખેડબ્રહ્માના ધારાસભ્ય ડૉ. તુષાર ચૌધરીએ કર્યો હતો જે ઠરાવને કોંગ્રેસના મહામંત્રીશ્રી નઈમ મીરઝાએ ટેકો જાહેર કર્યો હતો.

રાજીવ ગાંધી ભવન ખાતે બનાસકાંઠાથી ચૂંટાયેલા લોકસભા સાંસદશ્રી ગેનીબેન ઠાકોરના અભિવાદન સમારોહમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકી, શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ, શ્રી જગદીશ ઠાકોર અને એ.આઈ.સી.સી.ના મંત્રીશ્રી રામકિશન ઓઝાજીએ પ્રાસંગીક ઉદબોધન કરીને સૌને અભિનંદન પાઠવ્યાં હતાં.

સ્વાગત પ્રવચન ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષ પરમારે કર્યું હતું, સમગ્ર રાજ્યમાંથી કોંગ્રેસ પક્ષના આગેવાનો, પદાધિકારીઓ, શહેર-જીલ્લાના પ્રમુખશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહીને શ્રી ગેનીબેનને પુષ્પગુચ્છ, શાલ, મોમેન્ટો અને ભગવાનની પ્રતિમા આપીને ભવ્ય જીતના અભિનંદન સાથે જુસ્સાભેર સન્માન કરવામાં આવ્યું હતું. તમામ લોકસભાના ઉમેદવારોને મક્કમભેર ચૂંટણી લડવા બદલ પુષ્પગુચ્છ આપીને અભિવાદન કરવામાં આવ્યું હતું.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા